TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE
Cure with Care

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

# ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૩ અંક : ૧૨ જુલાઇ - ૨૦૧૫



ડૉ. ડી. પી. ચિખલીયા

"શ્રીમતિ ભાવનાબેન ચિખલીયાની દ્વિતિય પુણ્યતિથિ"

## સ્ત્રી
## શકિત, ભક્તિ, પ્રીતિ મસ્તી, મુક્તિ

એક વિશેષ તત્વચિંતન

## કાર્યક્રમનું મંગલમય દિપ પ્રાગટય

તંત્રી સ્થાનેથી....

આજે બે વર્ષના વહાણા વઇ ગયાં. ઘણાં ઘણાં પાણી નદીમાં વહી ગયાં. પરંતુ ભાવનાબેનના જવાથી પડેલા ઘાવ હજી જરા પણ ભરાયા હોય એવું લાગતું નથી. આજે આપણે સાંસારીક રીતે ગમે તેવી જીંદગી જીવતા હોય તે દુનિયાની દ્રષ્ટિએ, દુનિયાની રીતે, દુનિયાના નજરીયાથી, આપણી જીંદગી અત્યંત સુખમય લાગે, પરંતુ પડેલ ઘા એટલું જ દર્દ આપે છે. છતાં આપણને કયારેય એવું નથી લાગતું કે ભાવનાબેન આપણી વચ્ચે નથી. તેની ઉર્જા સતત આપણી આસપાસ હોય તેવી પ્રતિતિ થયા કરે છે અને કરશે.

જેમણે જીવેલ જીંદગી એક "સ્વયં સિધ્ધા" હતી. એમણે એમના જીવનકાળ દરમ્યાન વિતાવેલા વિવિધ સ્વરૂપો શકિત, ભકિત, મસ્તી, પ્રિતી અને છેલ્લે મુકતીને આપણે કયારેય ન ભુલી શકીએ.

સ્ત્રી શકિતના વિવિધ સ્વરૂપોને આપણા બે તત્વો ચિંતકો કે જેમણે ગુજરાતી સાહિત્ય અને ગુજરાતી તત્ત્વચિંતનને આખી દુનિયામાં પ્રસરાવ્યું એવા આપણા સૌના શ્રી ભીખુદાનભાઇ ગઢવી તેમજ જેમનું નામ



સાંભળતા જ યુવા હૃદય થનગની ઉઠે અને વડીલ નજર એક પ્રકારના અનેરા આદરભાવ સાથે અમીદ્રષ્ટિથી જુએ એવા પ્રખ્યાત ગુજરાતી લેખક શ્રી જય વસાવડા.

આ બન્ને સુજ્ઞ તત્વચિંતકોએ એક શકિત, ભકિત, પ્રિતિ, મસ્તી અને મૂકિતના સ્વરૂપો શ્રીમતિ ભાવનાબેનમાં હતાં તે ખુબ જ સહજ રીતે રજુ કરી શ્રોતાગણને મંત્રમુગ્ધ કર્યા હતાં. આ પ્રસંગે લગભગ ૬૦૦૦ હજાર જેટલી જનમેદની ઉપસ્થિતિ રહી હતી તે બાબત શ્રીમતિ ભાવનાબેન લોક હૃદયમાં બે વર્ષના સમય બાદ હજી પણ કાયમ છે તેવું સહેજે જણાય આવતું હતું. આ પ્રસંગે હાજર રહી સૌએ શ્રીમતિ ભાવનાબેનને હૃદયાંજલી અર્પિત કરી તે માટે સૌનો ખુબ ખુબ આભાર...

TRIMURTI HOSPITALS
THE ART OF MEDICAL CARE

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત

**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

ગુજરાતી માસિકપત્ર

વર્ષ : ૩ અંક : ૧૨ જુલાઈ-૨૦૧૫

**મુદ્રક • માલિક • પ્રકાશક**
ડૉ. ડી. પી. ચિખલીયા
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧

**તંત્રી**
ડૉ. ડી. પી. ચિખલીયા

**સહતંત્રી**
ડૉ. પરાગ પટેલ ડૉ. શૈલેશ જાદવ
ડૉ. રૂપલ પટેલ ડૉ. નવીન કર્ણ
ડૉ. એમ. ડી.સાંગાણી
ડૉ. બ્રિજેશ જસાણી

**સંપાદક મંડળ**
અમૃત પોંકીયા ડૉ.નિલેશ ચિખલીયા
ડૉ. અદિતિ દવે ઉમેદ ગામી

**પ્રિન્ટર**
પાયોનિયર ઓફસેટ-જુનાગઢ
મો.૯૮૯૮૦ ૮૪૬૦૮

**'ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ' માસિક પત્ર દ્વારા અમારો ઉદેશ લોકોને રોગ તથા તેની સારવાર વિષે જાણકારી આપવાનો તથા સારવાર લેતી વખતે યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થવાનો છે. અને લોકોને હેલ્થ વિષે જાગૃત કરવા માટે ઉપયોગી થવાનો છે.**

**સરનામું**
**ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ કાર્યાલય**
ત્રિમૂર્તિ હોસ્પિટલ
નવા બસ સ્ટેન્ડ પાસે, જુનાગઢ
ફોન : ૦૨૮૫-૨૬૩૧૭૩૧,
મો.૯૮૨૫૨ ૩૧૭૩૧
www.trimurtihospitals.in,
E-mail : trimurtihospitals@gmail.com

### "શ્રીમતિ ભાવનાબેન ચિખલીયાની દ્વિતિય પુણ્યતિથિ"

# પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો



**ડૉ. ડી. પી. ચિખલીયા**



**શ્રી જીતુભાઈ હિરપરા**
(મેયરશ્રી, જૂનાગઢ)



**શ્રી મથુરભાઈ સવાણી**
પદ્મશ્રી એવોર્ડ સન્માનિત



**શ્રી રાજેશ ચુડાસમા**
(સાંસદ, જૂનાગઢ)



**શ્રી રાજેન્દ્ર ત્રિવેદી**
(I.A.S., કમિશ્નરશ્રી, જૂનાગઢ)



**શ્રી આલોકકુમાર પાંડે**
(I.A.S., કલેકટરશ્રી, જૂનાગઢ)



**શ્રી ગીરીશ કોટેચા**
(ડેપ્યુટી મેયરશ્રી, જૂનાગઢ)



**હેમાબેન આચાર્ય**
(પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય)



**શ્રી મનસુખભાઈ માંડવીયા**
(મહામંત્રીશ્રી, ગુજરાત ભાજપા)

ઉપસ્થિતિ મહાનુભાવોએ શ્રીમતિ ભાવનાબેન ચિખલીયાએ કરેલ લોક સેવાના કાર્યોને યાદ કર્યા હતા. આજે પણ છેવાડાના ગામડામાં ભાવનાબેન ચિખલીયાને લોકો યાદ કરે છે તે બાબત તેમણે કરેલા કાર્યોનો એક બેનમુન દાખલો છે. અમે લોકો પાસે જઈએ એટલે લોકો કહે છે કે ભાવનાબેન અવાર-નવાર અમારી પાસે આવી અમારા ખબર અંતર પુછતા, તમે તો વર્ષમાં એક વખત પણ નથી આવતા. આના પરથી એવું લાગે છે કે ભાવનાબેન લોકોની વચ્ચે જઈ તેમના હૃદયમાં વસેલા છે. બે વર્ષના સમય બાદ પણ લોકોની વચ્ચે ભાવનાબેન હજી પણ છે. સામાન્ય રીતે હોદો હોય ત્યાં સુધી લોકો યાદ કરે પછી ભુલી જતા હોય છે, પરંતુ ભાવનાબેનની વિદાયને બે વર્ષ થવા આવ્યા છતાં હજી ભુલી શકાતા નથી તે એક સ્ત્રી શકિતની અદ્ભુત તાકાત છે.



ઝાલોરોપા પે. સેન્ટરના શાળાના બાળકોને સ્કુલ ડ્રેસ અર્પણ કરવામાં આવ્યા હતા.

## શ્રી જય વસાવડા



જય વસાવડાએ પોતાની આગવી શૈલી દ્વારા શ્રીમતિ ભાવનાબેન ચિખલીયા સ્ત્રી શકિતનું એક ઉદાહરણ છે તે બાબત વિવધ સ્વરૂપો દ્વારા રજુ કરી હતી. ભારતમાં જે મહીલાઓના નામ આંગણીઓના વેઢે ગણી શકાય તેમાંના એક ભાવનાબેન ચિખલીયા પણ છે. જેમની સાથે હું વાતચિત કરી શકું, જમી શકું અને તેમના સ્મરણોને યાદ કરી શકું. મહીલા નેતૃત્વની વિશ્વમાં જે પંગત છે તેમાં ભાવનાબેનનું એક નામ છે તેનું મને ગૌરવ છે. મારે એ કહેવું છે કે આ હકડેઠક ભરેલ હોલમાં તમે લોકો ઘણો સમય થવા છતાં બેઠા છો તેમજ જેમને મળવા માટે તમારે ર મીનીટનો ટાઇમ લેવો હોય તો પણ ના લઇ શકો તે મહાનુભાવો આ પ્રસંગે હજીપણ એમને એમ બેઠા છે તે બાબત ભાવનાબેન પ્રત્યેની કેટલી લાગણી છે તે જોઇ શકાય છે. ચિખલીયા સાહેબે પણ દાંપત્યજીવનનું એક ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું છે. આજે બે વર્ષ પછી પણ લોકસેવાના ભાવનાબેને ઇચ્છેલા કાર્યો કરી ચિખલીયા સાહેબે પોતાના હૃદયમાં તેમના નામનો દીપ આજે પણ પ્રજવલ્લિત રાખ્યો છે. ભાવનાબેન અને ચિખલીયા સાહેબે સફળ દાંપત્યજીવનનું એક ગહન ખેડાણ કરી લોકસેવાના કાર્યો કરી તેમનું નામ કાયમ કર્યુ છે.

## શ્રી ભિખુદાનભાઇ ગઢવી



ભીખુદાન ગઢવીએ પોતાની વાત શરૂ કરતાં પહેલા કહ્યું હતું કે સીતાજીને મેળવવા માટે ધનુષ તોડવા પડયા હતાં જયારે દ્રોપદીને મેળવવા માટે ધનુષને ચડાવવા પડયા હતાં, આખી રામાયણ દરમ્યાન સીતાજી જો કંઇક બોલ્યા હોત તો રામાયણ ન થાત અને મહાભારતમાં દ્રોપદી જો ન બોલ્યા હોત તો મહાભારત ન થાત. આ તફાવત છે એક આદર્શ સ્ત્રી શકિતનો. સ્ત્રીમાં રહેલી શકિત, ભકિત, પ્રિતિ, મસ્તી અને મુકતી તેના ઉપર ભારતીય સંસ્કૃતિ ઉભી છે. તોતડી જીભ હોય તેમાં આપણો વાંક નથી કેમ કે તે કુદરતની દેન છે, પણ તોછડી જીભ હોય તેમાં આપણો વાંક છે. ભાવનાબેન ગમે તેને મળતા તો દરેકને એમ જ લાગતું કે ભાવનાબેન અમારા છે. ભાવનાબેન સહજ હતાં જે સંસદમાં પણ બોલી શકે છેવાડાના ગામડાના આમ આદમી સાથે પણ સહજ રીતે બોલી શકે અને જમી પણ શકે. તેમની શકિત, ભકિત, પ્રિતિ અને મસ્તીની ખુમારી કંઇક અલગ જ હતી. સુખની ખુબ સરસ વ્યાખ્યા આપતા કહ્યું હતું કે ડૉકટરને આપણે ન ગોતીએ અને પોલીસ આપણને ન ગોતે તેનું નામ સુખ. જેમ સફળ પુરૂષની પાછળ એક સ્ત્રીનો હાથ હોય છે તેમ એક સફળ સ્ત્રીની પાછળ એક પુરૂષનો હાથ હોય છે તે બાબત ચિખલીયા સાહેબે સાબિત કરી છે. ભાવનાબેન પણ એક આદર્શ નારીનું એક ઉત્તમ ઉદાહરણ છે કે જેમણે પારીવારીક જવાબદારીની સાથે એક સફળ રાજકીય નેતૃત્વ કરી નિષ્કલંક જીવન જીવ્યા.










આ પ્રસંગે લોકસેવાના ભગીરથ કાર્યને આગળ ધપાવતા બેટી બચાવો અભિયાન તેમજ જળક્રાંતિના પ્રણેતા અને પદ્મશ્રી એવોર્ડ સન્માનિત શ્રી મથુરભાઇ સવાણીનું મોમેન્ટ તેમજ ફુલહારથી સન્માન.

આ પ્રસંગે ઉપસ્થિત ભારતીય જનતા પાર્ટી, ગુજરાત પ્રદેશ પ્રમુખ માનનીય શ્રી આર.સી. ફળદુનું મોમેન્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ત્રિમૂર્તિ હોસ્પિટલ દ્વારા પ્રકાશિત **ત્રિમૂર્તિ હેલ્થ પ્લસ**

**If Undelivered, Please Return to,**
Trimurti Hospitals, Near New Bus Station, Junagadh
Ph : (0285) 2631731, M. 98252 31731
www.trimurtihospitals.in, E-mail : trimurtihospitals@gmail.com

Book-Post

To, ______________________

______________________

______________________

______________________


Postal Reg. No. G-JND/313, Valid Upto Dt.31.12.2015
RNI Regi.No. : GUJGUJ/2012/46125



જુનાગઢમાં સૌ પ્રથમ (ANM) નર્સિંગ સ્કુલ

**મહાત્મા ગાંધી સ્કુલ ઓફ નર્સિંગ**



**ઓકઝીલરી નર્સ મીડવાઇફ (ANM)**

(ગુજરાત નર્સિંગ કાઉન્સીલ-અમદાવાદ તથા ઇન્ડીયન નર્સિંગ કાઉન્સીલ-દિલ્હી માન્ય)

ત્રિમૂર્તિ હોસ્પિટલ્સ બિલ્ડીંગ
એસ.ટી. રોડ, જૂનાગઢ-૩૬૨૦૦૧, મો.૯૮૨૫૫ ૨૯૩૪૫
મો.૯૯૭૪૬ ૫૪૦૧૭